ફોજદારી નંબર <u>૨૯૦૦/૧૯૯૧</u>

## આંક–૧ નીચે હુકમ

આજરોજ હાલનું કેસ હાથ ઉપર લેવામાં આવેલ છે. અને હાલના કેસમાં આરોપી તથા બધા સાહેદોને ઘણી વાર સમન્સ અને વારંટની પ્રોસેસ મોકલવા છતા તેઓએ હાજર રહેલ નથી.

સદર કેસનું રેકર્ડ જોવામાં આવે તો કેસ ખુબજ જૂનો છે. આરોપી સામે આક્ષેપિત ગુન્હાની સજાની જોગવાઈ ધ્યાને લેતાં, સ હાલના કેસમાં ઘણી વાર પ્રોસેસ કાડવામાં આવેલ છે. કેસનું રોજકામ જોવામાં આવે તો, આરોપી સામે સમયાંતરે અને વારંવાર કોર્ટ પ્રોસેસ કાઢવામાં આવેલ છે. પરંતુ આરોપીની સામે કાઢવામાં આવેલ પ્રોસેસ પોલીસ તરફથી વગર બજે પરત ફરેલ નથી કે આરોપી અદાલત સમક્ષ હાજર થયેલ નથી કે ફરીયાદ પક્ષ આરોપીને હાજર રખાવવામાં સફળ થયેલ નથી. આમ, સદર કેસ ઘણા લાંબા સમયથી આરોપીની ગેરહાજરીને કારણે પેન્ડીંગ છે જેથી ન્યાયિક કાર્યવાહી આગળ ચાલી શકતી નથી. આથી, આરોપીને અદાલત સમક્ષ હાજર કરવા બાબતે પોલીસ તંત્રને હવે વધુ તકો આપવી ઉચિત જણાતું નથી અને વધુમાં સદરહું કામમાં ફરીયાદીએ હાલનો કેસ ચલાવવા માટે આગળની કોઈ કાર્યવાહી કરેલી નથી. અને ફરીયાદ પક્ષને પળ સમન્સ કાડવા છતા કોઈ મળી આવેલ નથી. વધુમાં સદરહું કેસ ઘળો જુનો હોય હવે આ કેસને બાકી રાખવાનો કોઈ મતલબ જણાતું નથી.

આથી,કેસની હકીકતો, કેસની ન્યાયિક કાર્યવાહીનો પ્રકાર તેમજ ફરીયાદી તથા આરોપીની હાજરી મળી આવતી ન હોય તેમજ બજવણી તંત્ર ફરીયાદી તથા આરોપીને અદાલત સમક્ષ હાજર રખાવવામાં નીષ્ફળ નીવડેલ હોય અને હવે વધુ સમય આપવો ઉચિત જણાતો ન હોય, અત્રેની અદાલતને ફોજદારી કાર્યરીતિ સંહિતા, ૧૯૭૩ ની કલમ ૨૭૫ ની જોગવાઈ અન્વયે કેસની કાર્યવાહી બંધ કરવાનો હુકમ કરવો વ્યાજબી અને ન્યાયોચિત જણાઈ આવે છે. આથી નીચે મુજબનો આખરી હુકમ કરવામાં આવે છે.

<u>હુકમ</u>

૧. ફોજદારી કાર્યરીતિ સંહિતા ૧૯૭૩ ની કલમ ૨૭૫ મુજબ હાલના કસેમાં આરોપીને ડીસચાર્જ કરવાનો હુકમ કરવામાં આવે છે.

હુકમ આજ રોજ લોક અદાલતમાં વાંચી સંભળાવી અને જાહેર કર્યો.

તા.૨૬–૦૬ –૨૦૨૨

મુ.અમદાવાદ

(ગૌરવ શર્મા)
૬ઠા એડી. જ્યુડી. મેજી. ફ.ક.
અમદાવાદ.